અપીલ અરજી નં.૧૬૨ તા.૧૩–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ–(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો)અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ)
(૨)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૬–૧૦ની અરજીથી (૧)અનફીટ કર્મચારી વર્ગ–૪ના ધનુબેન કાશીબેનનાં આશ્રિત શૈલેશચંદ્ર કાન્તીલાલને સફાઈ કર્મચારી તરીકે વર્ષ–૨૦૦૩ માં નિમણુંક આપેલ છે. જેની જન્મ તા.૧–૧૧–૧૯૭૦ છે. જેમાં સા.સ.ના ઠરાવ નં.૧૦૧/૯૯ ની જોગવાઈ નં.૫ અંગેના ભંગનો આદેશ હુકમ અને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૨/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૬–૬–૧૦ની અરજીથી (૧)અનફીટ કર્મચારી વર્ગ–૪ના ધનુબેન કાશીબેનનાં આશ્રિત શૈલેશચંદ્ર કાન્તીલાલને સફાઈ કર્મચારી તરીકે વર્ષ–૨૦૦૩ માં નિમણુંક આપેલ છે. જેની જન્મ તા.૧–૧૧–૧૯૭૦ છે. જેમાં સા.સ.ના ઠરાવ નં.૧૦૧/૯૯ ની જોગવાઈ નં.૫ અંગેના ભંગનો આદેશ હુકમ અને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે આરોગ્ય અધિકારી અને ડે.કમિશ્નર (હે અને હો) જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમના પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/ ૧૬ તા.૧૬–૭–૧૦ તથા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૨૯૧ તા.૧૬–૭–૧૦ થી આપેલ માહિતી અપુરતી અને અયોગ્ય આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૬૩૭ તા.૨૭–૮–૧૦ થી આરોગ્ય અધિકારી અનેઈ.ચા.ડે.કમિશ્નર(હેઅનેહો)અનેજાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ) , ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મળેલી નકલો જોતાં આપને નકલો સહિતની પર્યાપ્ત માહિતી આપ્યાનું પ્રથમદર્શીય રીતે જણાય છે. જે તે સંજોગોમાં આપને માહિતી અંગે શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવે છે. જો તકરાર નિવારણની બાબત હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવી રહે. તે અંગે પણ સૂચિત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/૧૯૮૧ તા.૪–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગેનો પત્ર નં.સે.ઝોન/ આરટી આઈ/ જાવક/૪૦૯ તા.૧૯–૬–૧૦ ની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૩ તા.૨૫–૬–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા માટે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૦૩ તા.૩–૭–૧૦ ના પત્રની નકલ તથા મુદ્દા નં.૪ અંગે આપવામાં આવેલી માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૯૧ તા.૧૬–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/ આરટીઆઈ/આ.નં.૨૯ તા. ૭–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતીમાં નોંધ વિભાગ, અરજદારને માહિતી અંગે નાણા ભરાવા અંગે પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ ૧૫ તા.૬–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપવામાં આવેલી માહિતી અંગેના પત્ર નં. પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૬ તા.૧૬–૭–૧૦ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ, જીએડી/ઈએસટી/પીએચ/૬૮૫ તા.૧૩–૧–૦૩ ના કચેરી હુકમની નકલ, જીએડી/ઈએસટી/પીએચ/૬૯૧ તા.૧૩–૧–૦૨ ના કચેરી હુકમની નકલ, જીએડી/ઈએસટી/પીએચ/૮૫૦ તા.૨૧–૩–૦૩ ના કચેરી હુકમની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તથા સેન્ટ્રલઝોન અને મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૯–૧૦ નો પૂરક વિગતો અંગેનો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૬–૧૦ ની અરજીથી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીના તા.૮–૬–૧૦ ના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૨ માં વર્ષ ૨૦૦૩ માં વર્ગ–૪ ના અનફીટ કર્મચારીઓના ત્રણ આશ્રિતોને રહેમરાહે સફાઈ કામદાર તરીકે નિમણુંક આપેલ છે અને સા.સ.ના ઠરાવ નં.૧૦૧/૯૯ તા.૬–૨–૯૯ ની જોગવાઈ નં.૫ ના ભંગના અનુસંધાનમાં માહિતીની નકલો મેળવવા બાબતે મુદ્દા નં. મુદ્દા નં. (૧)અનફીટ કર્મચારી વર્ગ–૪ના ધનુબેન કાશીબેનનાં આશ્રિત શૈલેશચંદ્ર કાન્તીલાલને સફાઈ કર્મચારી તરીકે વર્ષ–૨૦૦૩ માં નિમણુંક આપેલ છે. જેની જન્મ તા.૧–૧૧–૧૯૭૦ છે. જેમાં સા.સ.ના ઠરાવ નં.૧૦૧/૯૯ ની જોગવાઈ નં.૫ અંગેના ભંગનો આદેશ હુકમ અને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ.મુદ્દા નં.(૨) અનફીટ કર્મચારી વર્ગ–૪ ના શાંતાબેન મેઘજીભાઈ કટારીયાના આશ્રિત કિશોરભાઈ જીવણભાઈ વાઢેળને સફાઈ કર્મચારી તરીકે વર્ષ૨૦૦૩ માં નિમણુંક આપેલ છે. જેની જન્મ તા.૮–૧૧–૭૦ છે જેમાં પણ સા.સ.ઠ. ૧૦૧/૯૯ ની જોગવાઈ નં.૫ અંગેના ભંગનો આદેશ, હુકમ અને ભલામણ કરનાર અધિકારીની માહિતીની નકલ. મુદ્દા નં.૩ અનફીટ કર્મચારી વર્ગ–૪ ના ચંચળબેન બાલુભાઈના આશ્રિત દિનેશ મેઘજીભાઈ સોલંકીને સફાઈ કર્મચારી તરીકે વર્ષ ૨૦૦૩ માં નિમણુંક આપેલ છે તેની જન્મ તારીખ ૧–૬–૧૯૬૯ છે જેમાં પણ સા.સ. ઠ. નં.૧૦૧/૯૯ ની જોગવાઈ નં.૫અંગે ભંગનો આદેશ , હુકમ અને ભલામણ કરનાર અધિકારીઓની માહિતીની નકલ. મુદ્દા નં.૪ અનફીટ કર્મચારી વર્ગ–૪ ના ભાણીબેન ભીખીબેન કર્મ. નં.૪૩૧૩ ને તા.૨૫–૧૦–૦૫ થી ફરજમાંથી અનફીટ જાહેર કરેલ હોય તેમ છતાં તેમના આશ્રિતને રહેમરાહે નોકરીએ નિમણુંક અંગેની માંગણીમાં સા.સ.ઠ.

નં.૧૦૧/૯૯ ના બહાના હેઠળ આજ દિન સુધી ન રાખવા અંગેની માહિતીની સ્પષ્ટ નકલ આપવા વિનંતી છે. તથા હાલમાં જ તા.૧–૪–૧૦ ના રોજના ભાણીબેન ભીખીબેનનાં આશ્રિતને રહેમરાહે નોકરી લેવા અંગેની અરજીની કાર્યવાહીની સંપૂર્ણ માહિતીની નકલ આપવા વિનંતી છે. મુદ્દા નં.૧ થી ૪ અંગેની માહિતીની નકલો સ્પષ્ટ પુરતી અને યોગ્ય સહી સિકકા સહિત માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ અને મહેકમને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૦૯ તા.૧૯–૬–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૯૯૩ તા.૨૫–૬–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્યને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૧૧૦૩ તા.૫–૭–૧૦ થી માહિતી દસ્તાવેજોની નકલોના પાનાની કુલ સંખ્યા ૧૨૮ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૫૬/– ભરપાઈ કર્યેથી માહિતી/દસ્તાવેજો આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે રસીદ નં.૩૮૨૬૯૩ તા.૧૩–૭–૧૦ ના રોજ નાણા ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૧૨૯૧ તા.૧૬–૭–૧૦ થી મુદ્દા નં.૪ ના અનુસંધાને અનફીટ કર્મચારી ભાણીબેન ભીખાબેનના આશ્રિતને રહેમરાહે નોકરીએ નિમણુંક આપવા અંગેની અરજી સંદર્ભે કરવામાં આવેલી કાર્યવાહીના નોંધ વિભાગ સહિતના કાગળના ઝેરોક્ષની નકલ આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/ ૧૫ તા.૬–૭–૧૦ થી પાના નંગ–૫ પાના દીઠ રૂા. ૨/– લેખે રૂા.૧૦/– આરોગ્ય ખાતાની ઓફિસ તથા નજીકના સીવીક સેન્ટર ખાતે નાણા જમા કરાવ્યાની રસીદની ઝેરોક્ષ નકલ આરોગ્ય મહેકમ વિભાગની કચેરી અસારાવાલા અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમના બીજા માળે, સૈયદપુરા, સુરત ખાતે તેની રસીદની ઝેરોક્ષ નકલ રજૂ કર્યેથી માહિતી દસ્તાવેજોની નકલ પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૩૮૨૭૦૦ તા.૧૪–૭–૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૧૬ તા.૧૬–૭–૧૦ થી મુદ્દા નં.૧ થી ૩ માં નિર્દશીત ત્રણેય ચોથા વર્ગના અનફીટ સફાઈ કર્મચારીઓના આશ્રિતને આપવામાં આવેલ નિમણુંક અંગેના સક્ષમ સત્તાના આદેશ/કચેરી હુકમની માહિતીના કુલ પાના નંગ–૫ નકલ પૂરી પાડવામાં આવેલ છે. આમ આરોગ્ય વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૩ બાબતે મુદ્દા નં.૧ માં ધનુબેન કાશીબેન કર્મચારી નં.૩૫૭૬ તેમના આશ્રિત પુત્ર શ્રી શૈલેષચંદ્ર કાંતિલાલ સુરતી ની નિમણુંક અંગેનો કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/પીએચ/૬૯૧ તા.૧૩–૧–૦૨ ની નકલ મુદ્દા નં.૨ માં શાંતાબેન મેઘજીભાઈ કટારીયા કમ. નં. ૧૫૨૩૫ તેમના આશ્રિત પુત્ર શ્રી કિશોરભાઈ જીવણભાઈ વાઢેળ ની નિમણુંક અંગેનો કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/પીએચ/૮૫૦ તા.૨૧–૩–૦૩ ની નકલ તથા મુદ્દા નં.૩ માં શ્રીમતિ ચંચળબેન બાલુભાઈ કર્મ. નં.૨૭૨૮ તેમના આશ્રિત પુત્ર શ્રી દિનેશચંદ્ર બાલુભાઈ સોલંકીની નિમણુંક અંગેનો કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/પીએચ/૬૮૫ તા.૧૩–૧–૦૩ ની નકલ નોંધ વિભાગ સહિત અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે ભાણીબેન ભીખીબેન કર્મ. નં.૪૩૧૩ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી નોંધ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર તરફથી માંગેલ માહિતી અપૂરતી અને અયોગ્ય આપેલ હોવાનું જણાવી તા.૧૩–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અપીલ તબકકે આરટીઆઈ સેલ/૬૩૭ તા.૨૭–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મળેલી નકલો જોતાં અરજદારને નકલો સહિતની પર્યાપ્ત માહિતી આપ્યાનું પ્રથમદર્શીય રીતે જણાય છે તે સંજોગોમાં અરજદારને માહિતી અંગે શી વિગતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જો તકરાર નિવારણની બાબત હોય તો સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવી રહે. તે અંગે પણ સૂચિત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અપીલ તબકકે તા.૬–૯–૧૦ ના પત્રમાં મુદ્દા નં.૧ થી ૩ માં જણાવેલ મજકુર કર્મચારીઓની ઉંમર ઠરાવમાં જણાવેલ ઉંમર કરતાં વધુ હોવાથી ઠરાવની જોગવાઈ નં. ૫ નો ભંગ થયેલ છે તેવો તકરાર નિવારણને લગતો પ્રશ્ન અપીલ તબકકે ઉઠાવવામાં આવેલ છે. જે પ્રશ્ન તકરાર નિવારણને લગતો હોય તે અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી નોંધ સહિત માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો તેમની તકરાર નિવારણને લગતી બાબત તથા વહીવટ પ્રક્રિયા સુધારાલક્ષી સૂચનો અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો)અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ),
ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,